ક્રમાંક:સઈકોગાં/હોસ્ટેલ/પ્રથમ વર્ષ એડમીશન/૨૦૨૬/૯૨૫

## હોસ્ટેલમાં એડમીશનની નોટીસ ૨૦૨૬-૨૭
## સંસ્થાનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે

તા : ૧૨/૦૮/૨૦૨૬

સરકારી ઇજનેરી કોલેજ, સેક્ટર ૨૮ ગાંધીનગરનાં વિવિધ સ્નાતક વર્ગનાં વિદ્યાર્થીઓ માટે બોયસ અને ગર્લ્સ હોસ્ટેલની સુવિધા ઉપલબ્ધ કરાવે છે. તાજેતરમાં સંસ્થામાં પ્રથમ વર્ષ (૨૦૨૬-૨૭)માં એડમીશન મેળવેલ હોય અને હોસ્ટેલમાં રહેવા રસ ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓની અરજીઓ નીચે મુજબ સ્વીકારવામાં આવે છે.

**પ્રથમ વર્ષનાં વિદ્યાર્થી માટેની હોસ્ટેલ એડમીશનની પ્રક્રિયા:**

- એડમીશન માટે ફોર્મ ભરવાની તારીખ: ૧૪/૦૮/૨૦૨૬ થી ૩૧/૦૮/૨૦૨૬ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી વિદ્યાર્થીએ આ લીંક https://forms.gle/W7cxjm2bXoYEvG6P9 પર જઈને તેમાં રહેલ ઓનલાઈન Google ફોર્મ ભરવું. ત્યારબાદ તેનો રીપોર્ટ જે-તે વિદ્યાર્થીનાં E-MAIL ઉપર જાય તે નકલની પ્રિન્ટ લઇ રાખવી. વિદ્યાર્થીઓએ સંસ્થામાં રૂબરૂ આવીને ફોર્મમાં ભરેલ દરેક વિગતના અસલ પ્રમાણ પત્રો (દા.ત E-MAIL માં સાચવી રાખેલ ફોર્મ, આધારકાર્ડ, ACPC એડમીશન લેટર, જાતીનો દાખલો, નોન ક્રીમીલેયર અને બે પાસપોર્ટ સાઈઝનો ફોટો) હોસ્ટેલ ઑફિસ ખાતે કામ ના દિવસો દરમ્યાન સવારના ૧૧:૦૦ થી સાંજના ૪:૦૦ વાગ્યા સુધીમાં હોસ્ટેલ ઑફિસ ખાતે જમા કરાવવાના રહેશે.
- આધારકાર્ડમાં આપેલ સરનામાં મુજબ જે વિદ્યાર્થીઓનું રહેણાંક કોલેજ સ્થળથી ૫૦ કિલોમીટરથી વધુ હોય તેમના જ ફોર્મ સ્વીકારવામા આવશે.
- ૩૧/૦૮/૨૦૨૬ સાંજે ૪.૦૦ વાગ્યા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહી.
- ફોર્મ જમા કરાવ્યા બાદ વિદ્યાર્થીઓના બ્રાંચ અને જાતીનાં સરકારે નક્કી કરેલ પ્રવર્તમાન ધારા ધોરણ પ્રમાણે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ સંસ્થાની વેબસાઈટ પર મુકવામાં આવશે.
- ત્યારબાદ વિદ્યાર્થીઓનાં રૂમ નંબર સાથે મેરીટ લીસ્ટમા નામ આવનાર વિદ્યાર્થીઓએ નિયત સમયમાં ફી ભરી તેની રસીદ હોસ્ટેલમાં જમા કરાવ્યા બાદ હોસ્ટેલમાં રૂમનો કબજો મેળવવાનો રહેશે.
- હોસ્ટેલની એક વર્ષની ફી રૂપિયા ૪૦૦૦/- છે અને હોસ્ટેલમાં એડમીશન લેતી વખતે પહેલી વખતે રૂપિયા ૨૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટની રકમ એટલે કે રૂપિયા ૬૦૦૦/-(અંકે રૂપિયા છ હજાર) ભરી પોતાનું હોસ્ટેલ એડમીશન કન્ફર્મ કરાવવાનું રહેશે. (સિક્યુરીટી ડીપોઝીટની રકમ વિદ્યાર્થી હોસ્ટેલ છોડે ત્યારે તેને પરત મળવાપાત્ર રહેશે.)
- હોસ્ટેલમાં અત્યારે મેસની સુવિધા ઉપલબ્ધ નથી.

બોયસ હોસ્ટેલ વોર્ડન

હોસ્ટેલ રેક્ટર

સરકારી ઇજનેરી કોલેજ
સે-૨૮, ગાંધીનગર
13 AUG 2026
ઇનવર્ડ નંબર : 1269
શાખાનું નામ :

ગર્લ્સ હોસ્ટેલ વોર્ડન

આચાર્યશ્રી